લાલાતાણ

અથવા

મુર્ખ મથુરભાઇ.

એ નામની

એક રમુજી વારતા.

વાચનના દરેક શોકીનોને વાંચવાલાયક

છપાવી પ્રસિદ્ધ કરનાર

P. [redacted]

ડીસેમબર સને ૧૮૮૭.

મુંબઈ.

સ્વદેશ

૩૨૬૮

લાલાતાણુ અથવા મુર્ખ મથુરભાઇ.

... એક ગામડામાં મથુરભાઇ નામનો એક કણબી રહેતો હતો તેના માબાપ જીવતા હતાં. પોતે નાની ઉમરે પરણ્યો હતો, તેનામ બરાબર અક્કલ ન હતી. કોઇ જેમ તેને કહે તેમ કરે. તેણે પોતાની પાગે લાલો નામનો એક હજામ રાખ્યો હતો. રાત્રની વખતે તે જાણે આંધળો ભીત. લાલાના શિવાય આગલ પગલું કદી ભરતો ન હતો. એક દહાડે મથુરભાઇ ને તેની મા વચ્ચે નીચે પ્રમાણે વાતચિત થઇ.

મથુરનીમા:—ભાઇ મથુરા જોને હવે તો તું મોટો થયો છું. અને તારી વહુને તું આણુ કરવા જા.

મથુરભાઇ:—મા આણું કરી આવું એટલે શું ? એમ આણું કહીને આવતો રહું.

મથુરમા:—મેહેર મુર્ખા એમતે કોંય થાય. તને કાંઇ અક્કલ કે બળી ગઇ છે.

મથુરભાઇ:—ત્યારે એમ તું મને હમજાયને.

મથુરનીમા:—જો હાંભલ આપણે જ્યાં જઇએ ત્યાં ભારે ખ જેવા થઇને બેસીએ ઉઠીએ, એટલે રીત સર બોલવું વધારે ઓછું બોલ નહીં તથા બોલે તેટલોજ જવાબ આપવો.

મથુરભાઇ:—ત્યારે ઇમજ બોલને મને હમજ પડે.

મથુરે પોતાની માના આવા શબ્દો સાંભલી સાસરે પોતાનું તેડવા જવાની તૈયારી કરવા માંડી, ને લાલા હજામને પણ તો બહુ ખુબ
માએ કહ્યું હતું કે ભારે ખમ થઇને જવું એ બોલ તેનું તમે
... ઘંટીનું એક પડ લીધું ને પોતાના ગળા સાથે

તૈયારી કરી તે પોતાની માની પાસ રજા માગવા ગયો. માએ જોતાનેજ ...ાર મોટી બુમ મારીને કહ્યું કે આ શું ધટીનું પડ કેમ બાંધ્યું છે! કઇ ...મજ છે કે નહી?

મથુરઃ—તે કહ્યું ન હતું કે બારે ખમ થઇને જઇએ. માટે આ ...ટીનું પડ મારા ગળે બાંધ્યું છે, એટલે જો હું કેવો બારે ખમ લાગું છું. ...એ વિચાર્યું કે આ તો બીલકુલ મુર્ખ છે અને હવે આગળ એની શીગતિ ...શે. તેણે લાલીઆને સરવે વાતે સમજાવી તેની સાથે સરવે ઠેકાણે રહે-...ને કહ્યું ને રવાને કર્યો. મથુરને પોતાની માની કહેલી સઘળી વાત ધ્યા-...માં આવી ને પોતે તથા લાલો હજામ પોતાના સસરાના ગામ તરફ જવા ...કળ્યા રસ્તે જતાં જતાં તેણે વિચાર્યું કે આ હાંલ્લામાં ઘેંસને રોટલા છે ...હવે ખાઇએ. પછી તેણે તેમ કર્યું અને હવે જ્યારે હાંલ્લું ખાલી થયું ...ારે તેનું શું કરવું તે તેને સુઝે નહીં તે હાલ્લુ તેને ઘેર પાછું લઇ જવાનું ...તું ને તે બરાબર ઠેકાણે મુકવાની તજવીજ કરવા માંડી. સસરાનું ગામતો ...ાવ્યુને રાત પણ પડવા આવી. પછી તેણે તે હાંલ્લાંમાં પોતાના બેહાથ ...લીને તે પોતાના આંગવસ્ત્રની અંદરની બાજુએથી રાખયા, કારણકે જો ...લ્લું રાખેતો લોકો જુએ ને મશકેરી કરે.

તેનો કોઇ સાસરાનો સગો તેને સામો મળ્યો ને સરવે ખબર અંતર ...છ્યા પછી તે પોતાને ઘેર ગયો ને મથુરના સસરાને ખબર કરી કે તારો ...માઇ ગામને ભાગોળેછે.

મથુરભાઇ ગામમાં પેઠા ને સરવે લોકો તેને રામ રામ રામ, રામ, ...ગયાં, પણ મથુરતો પોતાના હાથ માટલામાં હતા તેથી કાઢી ન ...માટલુંજ ઉંચકીને સરવેને સલામ પાછી વાળતોને રામ રામ ...મોટેથી બોલતો. એમ કરતાં તેઓ મથુરના સસ... ...ની પોહોંતા અને જેવા તેઓ તેના ઘરની પ...

પગ મુંકેછેકે તરત હેમચંદ, મથુરનો સસરો ઘરમાંથી બહાર આવ્યો નેના જોતાંને વાર આદરમાન આપી બેલાવ્યો ને પોતાની દુકાંનમાં બેસાડયો (ણે ઘરમાં જઇને પોતાના જમાઇના આવવાની પોતાની બાયડીને ... કરી તથા તેને માટે રસોઇ તયાર કરવા ને પોતાના રસોયાને તાકીદ કરી.

રસોઇ તૈયાર થઇને જમવાને સઘળી તયારી કરી જેમકે પાટલ માડયાં પાણી ભર્યું પત્રાળી માંડીને હેમચંદ ભાઇ જમાઇને તેડવા આવ્ય

હેમચંદ—હેંડો મથુરાદાશ જમવાને હેંડો.

મથુર—જએ ચોં હું કોંઇ હજુ નાહ્યો નથી.

હેમચંદ—હેંડો નાહાવાનું પોણી તૈયાર સેં ચાલો જલદી કપ ઉતારો રસોઇ ટાઢી થઇ જશે.

(મથુરભાઇના મનમાં પેલું હાસ્લું સંતાડવાનું હતું ને તેને કંઇ લ ગ મળ્યો નહીં ને જો સસરો જાણે તો આબરૂ જાય માટે તેણે એવો નિ શ્ચય કર્યો કે માટલું ઠેકાણે પાડયા શિવાય અહીંથી ઉઠવુંજ નહીં.)

મથુરભાઇ—અતિ ભુચ્યો. (હું ભુખ્યો નથી.)

હેમચંદ—હવે હેંડો કને જે ભાવે તે ખાજો, કોંઇ ખાદા વગ ચાલે એમ ગોંડી ગોંડી વાત શીદને બોલો સોં.

મથુરભાઇ—અતિ ભુચ્યો. એટલામાં મથુરભાઇના સાસુ દીવા ત્યાં આવી પોહોંચ્યા.

દીવાળી—એમ મથુરદાસ ઉઠતા નથી. ઉઠોકને રસોઇ ટાઢી જાયસે. ચાલો હેંડો નાહવું હોયતો નાહીલો પોણી પણ ગરમ થયું

મ૦—અતિ ભુચ્યો.

લાલો હજામ—(કાનમાં કહેછે). અરે ઉઠોકને મને તો બહુ ભુખ ... તમારે જોયેતો ખાજો નહીં તો હું ખાઇશ પણ તમે ખવાયકને માટે ના ના પાડશો. હેંડો ઉઠો.

ચારે
દીવાળી—અરે ડોકા ડોકા આજે એમ ચમકરોસાં જે ? તમને કાંઇ
ાર
અડચણસે કે કાંઇ રીસ ચદીસે ? જો રીસ ચદી હોય તો ડોકા તમને એક
ભેંસ આપશું ને રૂપીઆ રોકડા આપશું. હવે કાંઇસે ચાલો ઝટ ચાલો
હવારના ભુખ્યાં સાં ને ના હા ના હા ચમ કરોસાં જે (એટલું બોલી પોતે
ચાલી ગઈ અને પોતાની છોકરીને કહ્યું કે તું સમજાય)

મથુરની વહુ—હવે આટલી હડીલાઇ ચમ કરો સોજે. હેંડો ખાવું હોય તો ખાઇલો. એક ભેંસને રૂ૫૦) મળસે તે ખોટા લાગશે કે ? માટે તારા જેવીનું કહેવું સાંભળી ડોકા કોઇના મનના દુઃખવશો

મ૦—અરે તારી બધી વાત ખરી પણ આ ઘેંતનું મોટકું ચોંકને મુકું કાંય ઠેકાણું બતાવ.

મથુરની વહુ—એને જઇને પેલા ખાડામાં ફોડી આવે તો બને.

મથુરભાઇ રાતના તો આંધળા તેથી ખાડા આગળ ધીમે ધીમે જઈ પહોંચ્યા પણ તે ખાડામાં રાત્રની વખતે બોડા માથાનો એક ગોરજી બેઠો તો તે તેના દીઠામાં ના આવ્યો, તેથી પોતાનું માટલું હતું તે ઉપરથી નાખ્યું તુંજ પેલા ગોરજીના માથામાં લાગ્યું ને તે એકદમ બબડ્યા ઉઠયો ને આસપાસ જોયું પણ કોઇ તેની નજરે આવ્યું નહીં. મથુરભાઇ પણ ત્યાંથી પાછા ફર્યા, ને ઘેર આવ્યા ને પછવાડે વાડામાં નાહવા ગયા. પણ ત્યાં તેણે ...ઇને દીઠા નહી ઘરમાં આવ્યા ત્યારે ભીતે ભીતે ચાલતા આવ્યા ને સસરાએ પુછયું કે ચમ એમ હેંડોસો ? ત્યારે કહ્યું કે મારે એક ઘર બંધાવવું સે. તમારૂં ઘર બહુજ ગમે છે માટે હું તેનું માપ લઇ જોવુંસું ને હું પણ આ... ઘર બંધાવીશ. સસરો પેટમાં સમજે તો ખરો પણ બોલ્યો નહીં તેમજ મથુરે પણ કહ્યું નહીં કે રાતની વખતે મને દેખાતું નથી. સ...

...નો હાથ ઝાલીને વાડામાં નાહવાં લઇ ગયો. નાહીને તેને ...ચ્યા ને ત્યાં તેને માટે પાટલો મુકયો હતો તેનાજ

તેની જોડે પેલા લાલાહકીમને પણ બેસાડ્યો. જ્યાં મથુર ભાઇ જમવા બેઠા હતા ત્યાં આગળ એક પાડી બાંધી હતી. દીવાળી વહુ કંસાર પીરસવા આવ્યા તે પીરસીને જતી વખતે કહ્યું કે જો જો તમારી થાળી નજર રાખજો આ તમારી પાસે પાડી બાંધી છે તે વખતે ભાણામાં મોઢું ઘાલશે. પેલો લાવેહજામ પક્કો હતો. તે પોતાનું ભાણું સંભાળ્યા કરે પણ મથુરના ભાણાની કંઇજ તજવીજ ના રાખે. તે તેણે બહુજ ખીજવતો ને બેલાવતો.

દિવાળી પાછી ધી પીરસવા આવી એટલે મથુરભાઇ એ જાણ્યું કે એતો પાડી આવી એમ જાણીને તેને તડ લઇને એક તમાચો માર્યો. દીવાળીના હાથમાંથી ધીનો વાડકો પડી ગયો ને હેમચંદ તરતજઉઠીને પોતે ધી ભરવાં બેસી ગયો. દીવાળી બોલી અરે મથુરાદાસ એતો હું તમને ધી પીરસવા આવી હું માટે મેં શું પાપ કર્યા કે તમે મને મારો છો. મથુર તો બેઠો બેઠો હસ્યા કરે પણ કંઇ જવાબ આપે નહીં. બધા એ જમવા. નમાંડયું એટલામાં તો પોતે પોતાની થાળીમાં નો કંસાર સાફ કરી ગયો ને પાછો ફરીને માંગ્યો. સર્વ તેની આ ચાલ માટે હસવા બેઠા. જમાઇ જાણીને કોઇ ઠપકો તો દે નહી પણ મશ્કરી કરવા લાગ્યા. મથુરભાઇ, ઘેરથી નીકળ્યા ત્યારે રસ્તામાં ખાવાને કંઇ રાખ્યું હતું કે સરે કાલાવાલા કરાવી ખાવાની મરજી રાખી હતી !

સર્વેજણા જમી રહ્યાંને બાહાર ઓટલા ઉપર આવ્યા પાન સોપારી લીધાં હુકો પીએછે એટલામાં હેમચંદ પણ ત્યાં આવીને જમાઇની પાસે હેમચંદ ઘણો સમજુ માણસ હતો તેથી વધારે બોલ્યો ... ચુપ પોતાનું કામ કર્યો જતો, તે પોતે આવીને મથુરની માં તેના ઘરની સરવે ખબર અંતર પુછ્યા પછી તેણે તેના આ ચારે મથુરે કહ્યું કે મારે તો કાલનેકાલજ તેડીને ઘેર

હેમચંદે તેમ કરવા ના પાડયું અને કહ્યું કે આવ્યાછો ત્યારે દીવસ બે રહો ને પછી તમે તમારે સુખેથી ઘેર જાઓ પણ કાલે તો ના જવાય. મથુરે ના પાડી. ત્યારે હેમચંદે કહ્યું ઠીક છે હાલતો ચાલો સુઇ જાઓ. કાલની વાત કાલે. પછી તે તેને તથા લાલાહજામને સાથે તેડી ગયો ને ઘરમાં એક ઓરડો હતો તે ઉઘાડી તેમાં જમાઇને માટે ખાટલો તૈયાર હતો તેના પર સુવાને કહ્યુને લાલાને માટે બહારથી બીજો ખાટલો મંગાવ્યો પછી પાણી વગેરે તેમને ઓઢવાની તજવીજ સરવે કરી આપીને પોતે સુવા ગયો દીવાળી પોતાને જે દુખ થયેલું હતું તેને માટે કંઇ પણ ખેદ ન કરતાં તરતજ પોતાનું કામ કરવા મંડી. પણ તેની છોકરી પોતાને સાસરે જવાની હતી તેથી તેણે મહાચિંતા પેઠીકે હવે મારા હાથ તળે કોણ ને મારૂં કામ પણ કોણ કરશે. કારણ કે તેને પેટે એ છોકરી શિવાય બીજુ કાંઇ પણ સંતાન ન હતું. એવામાં તે પોતાના કામેથી પરવારીને સુઇ ગઇ.

મધરાત્ર થઇ એટલે મથુરભાઇ ઉઠીને બેઠા થયાં. પોતાને દીશાએ જવું હતું તેથી એકલા તો જવાય નહીં. તેણે લાલાને ઉઠાડવાનો વિચાર કર્યો પછી લાલાને કહ્યું કે ઉઠ જરા મારે બાહાર જવું છે. દીવો સળગાવ ને પાણી લે. લાલાને સારી રીતે માલમ હતું કે એ ગામમાં લાલાતાજણુ નામનો એક માણુસ મરી ગયો હતો ને તે ત્યાં ભુત થઇ ફરતો હતો માટે તેણે બહાર નીકળવાને હીમ્મત કરી નહીં ને મથુરને એકલા જવાને કહ્યું ત્યારે મથુર કહેવા લાગ્યો કે જુવોને લાલાભાઇ મારી આંખે બરાબર દેખાતું ની માટે મારે તમોને કહેવું પડે છે. લાલો કહે કે આકાશને પાતાળ એ થઇ જાય તો આ વખતે હું તમારી સાથે આવવાનો નથી. પછી લાએ કહ્યું કે હું કહું તેમ કરશો તો ઠીક પડશે. મથુરે કહ્યું કે તમે જે હોય તેમ કરીએ. પછી લાલાએ કહ્યું કે લ્યો આ તમારી ... પે તેનો એક છેડો તમારા ખાટલાના પાઇ એ ...

છેડો તમારા હાથમાં રાખોને હું તમને બારણા સુધી મુકી આવું છું પછી તમે તમારી મેળે રસ્તાપર જજો ને જ્યારે અંદર આવવું હોય ત્યારે પાગડીનો છેડો હલાવજો ને કેહેજો કે "લાલાતાણ" એટલે હું તાણી મથુરે પછી તેમ કબુલ કર્યું ને તે પ્રમાણે કર્યું. જેવો તે બહાર ગ ગયો ને બેઠો તેવોજ લાલાએ વચમાંથી પાગડીનો છેડો કાપી નાંખ્યા. પોતે ગુપચુપ સુઇ ગયો. મથુરની જ્યારે ઘરમાં આવવાની વખત થઇ ત્યારે તેણે બુમ મારી કે "લાલાતાણ" તેવામાં પડોશના ઘરનો એક પુરૂષ આદમી પેશાબ કરવાને બહાર નીકળ્યો હતો તેને એ શબ્દો સાંભળી બીક લાગીને મોટેથી તે બુમ પાડી ઉઠયો કે આવોરે આવોરે અહીં તો લાલાતાણ ભુત આવ્યો છે. એટલામાં આડોસ પાડોસના સરવે માણસો એકઠા થયા ને મથુરને ખુબ માર મારવા માંડયો. મથુર ઘણીએ બુમ પાડી થાકયો કે ભાઇઓ એ તો હું મથુરભાઇ છું. પણ એટલા ગભરાટમાં કોઈ સાંભળે નહી. છેવટ મથુર નીચે જમીન પર જેવો પડયો તેવોજ કોઈ દીવો લઇ આવ્યું ને જુએછે તો હેમચંદનો જમાઇ મથુરભાઇને દીઠો. પછી હેમચંદને જગાડયો ને બહાર લાવ્યા ત્યારે હેમચંદે સરવે ને કહ્યું કે તમે પણ જોયા વગર શું કામ કર્યું. ને પોતે મથુરને ઉઠાડી ઘરમાં લાવ્યો. લાલાને હેમચંદે બોલાવ્યો ને તેને બહુ ઠપકો આપ્યો કે તને અહિંશા માટે મોકલ્યો છે ? શું તને ખાઇપીને ઉંઘવા મોકલ્યો છે ? બેલાશક જા તું હવે અહીં ઉભો ના રહેતો. પોતે બીજે દહાડે મથુરના જીવને જરા આરામ થયેલો જોઇને પોતાની છોકરીને તથા જમાઇને લઇ પોતાની ગાડી બ લઇને તેને ગામ મુકી આવ્યો. તથા તેના બાપને જે સરવે હકીકત ..ા ી તે કહીને લાલાને ચાકરીમાંથી કાઢી મુકાવ્યો. મથુર થોડા દીવસમાં ીઆર થયો ને તરતજ ને પોતાના વેપાર ધંધે લાગ્યો.

ની નાની વાત ઉપરથી સાર માત્ર એટલોજ લેવાને

હમેશા વફાદાર માણસોથી આપણે કામ લેવું અને કોઇનાપર વધારે ભરોસો રાખ્યા વગર જેટલું આપણી મેહેનતથી બને એટલું કરવું. કારણ કે કહે- છે કે " પારકીઆશ સદા નિરાશં " ગમે એવાં પારકા તે પારકા કોઇ તો જવલેજ થાય. સોમાં એકજ માણસ એવું હશે કે જે પોતાના ભરોસો રાખનારનું કામ પાર ઉતારી આપે.

પ્રીય વાંચનારાઓ આ વાતમાં જો મારી કંઇ ભુલચુક હોય તો મને ક્ષમા કરવી અને તમારા આજ્ઞાકીંત સેવકને દરેક વખતે આશ્રો આપવો. આ વાતમાં મેં થોડોક ભાગ, દેશી, અમદાવાદી ભાષાનો વાપર્યો છે. કા- રણ કે દેશ તરફ અભણ લોકોમાં એવી ભાષા બહુજ બોલવામાં આવેછે. પણ ભણેલા માણસ કંઇ એવું બોલતાં નથી. એ ગામડીઆઓની ભાષા જો કે હું બરાબર નથી જાણતો તોપણ મારી અલ્પબુદ્ધિથી જે કંઇ ખરૂ ખોટું આવડયું છે તે મેં આપની સેવામાં રજુ કર્યું છે.

સમાપ્ત.

